# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા

કૃષિ હવામાનશાસ્ત્ર સેલ
કૃષિ ઈજનેરી વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય
નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય
નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત
ઈ-મેઈલ:- aasnavsari@gmail.com

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ


**(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)**

## તા. ૧૧/૦૧/૨૦૨૫

## કૃષિ હવામાન બુલેટીન નં : ૮૨/૨૦૨૪ - ૨૦૨૫

## -- નવસારી જિલ્લો --

**પાછળનાં સમયનું હવામાન (તા. ૦૭ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી – ૨૦૨૫)**

| અનું. નં. | હવામાન પરિબળો | Value |
|---|---|---|
| ૧. | વરસાદની શ્રેણી (મી.મી.) | ૦.૦ |
| ૨. | મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૨૮.૪-૩૧.૫ |
| ૩. | લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૧૨.૫-૧૫.૫ |
| ૪. | ભેજની શ્રેણી (%) | ૩૫-૭૯ |
| ૫. | પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક) | ૨.૬-૮.૩ |
| ૬. | વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા) | ૦-૦ |
| ૭. | સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક) | ૭.૧-૮.૧ |
| ૮. | પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.) | ૦.૦ |
| | કુલ વરસાદ | ૦.૦ |

**આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા. ૧૧ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી - ૨૦૨૫)**

| અનું. નં. | હવામાન પરિબળો | દિવસ-૧ (૧૧/૦૧) | દિવસ-૨ (૧૨/૦૧) | દિવસ-૩ (૧૩/૦૧) | દિવસ-૪ (૧૪/૦૧) | દિવસ-૫ (૧૫/૦૧) |
|---|---|---|---|---|---|---|
| ૧. | વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨. | મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૩૨ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૨ |
| ૩. | લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૧૬ | ૧૪ | ૧૫ | ૧૭ | ૧૭ |
| ૪. | મહત્તમ ભેજ (%) | ૮૫ | ૮૫ | ૮૫ | ૯૦ | ૯૦ |
| ૫. | લઘુત્તમ ભેજ (%) | ૬૦ | ૬૫ | ૬૦ | ૬૦ | ૬૫ |
| ૬. | પવનની ગતિ (કિ.મી./કલાક) | ૮ | ૫ | ૬ | ૧૦ | ૯ |
| ૭. | પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૮૫ | ૬૫ | ૨૮ | ૧૭ | ૨૮ |
| ૮. | વાદળની સ્થિતિ (ઓકટા) | ૦ | ૨ | ૦ | ૦ | ૨ |

**વિસ્તૃત રેન્જની આગાહી મુજબ, ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી વરસાદ સામાન્યથી ઉપર અને મહત્તમ તાપમાન સામાન્ય અને લઘુત્તમ સામાન્યથી ઉપર રહેવાની અપેક્ષા છે.**

**હવામાન સારાંશ / ચેતવણી**

- આઈ. એમ. ડી., દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ ચોખ્ખું રહેશે અને વરસાદ આવવાની સંભાવના નથી.
- મહત્તમ તાપમાન ૩૧ સે. થી ૩૩ સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪ સે. થી ૧૭ સે. આસપાસ હોવાની સંભાવના છે.
- હવામાં ભેજનું પ્રમાણ ૬૦ થી ૯૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.
- પવનની દિશા ઉત્તર-પૂર્વ રહેશે જેની સરેરાશ ગતિ ૫ થી ૧૦ કિ.મી./કલાક રહેવાની શક્યતા છે

# -:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::-

| | |
|---|---|
| **સામાન્ય સલાહ** | • ઉભા પાકોમાં રોગ-જીવાતના ઉપદ્રવનું નિયમિત નિરીક્ષણ કરી ભલામણ મુજબના પાક સંરક્ષણના પગલા લેવા.<br>• ઊભા પાકોમાં ભલામણ મુજબના ખાતરો તથા જરૂરિયાત મુજબ પિયત આપવું. આકાશ ચોખ્ખું હોય તથા પવનની ગતિ ઓછી રહે ત્યારે જંતુનાશક તથા ફૂગનાશક દવાની જોડે ડીટરજન્ટ પાઉડર અથવા સ્ટીકર (ગુંદરીયુ)નો ઉપયોગ કરીને છંટકાવ કરવો.<br>• કેરીના નવા વાવેલા/યુવાન છોડને છાંયો આપો અને દાંડીની આસપાસ લીલા ઘાસ નાખો.<br>• કૃષિ હવામાન સલાહકારી બુલેટીન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઈલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો:<br>એન્ડ્રોઈડ યુઝર્સ: https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot<br>આઈ.ઓ.એસ. યુઝર્સ: https://apps.apple.com/in/app/meghdoot/id1474048155<br>• દામિની મોબાઈલ એપ્લીકેશનદ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવે છે. આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે. દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:<br>https://play.google.com/store/apps/details?id=com.lightening.live.damini<br>આઈ.ઓ.એસ. યુઝર્સ: https://apps.apple.com/app/id1502385645 |
| **પાક** | **હવામાન આધારિત કૃષિ સલાહ** |
| **શેરડી** | • શેરડીની રોપણી માટે બીજ પ્લોટ બનાવેલ હોય તો બીજ માટે શેરડી કાપવાની હોય તેના એક માસ પહેલા ૫૦ કિગ્રા / હે. નાઇટ્રોજન ખાતર આપવું.<br>**નવી રોપણી માટે જમીન તૈયારી/જરમિનેશન/વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>• શેરડીની નવી રોપણી માટે યોગ્ય ભેજની પરિસ્થિતિમાં જમીન તૈયાર કરવી.<br>• શેરડીની રોપણી ઓક્ટોબર-ફેબ્રુઆરી માસ દરમ્યાન કરવી.<br>• ખેડ વખતે ખાતર/કમ્પોસ્ટ જમીનમાં ભેળવવું.<br>• રોપણી પહેલા પાયાનું ખાતર આપવું.<br>• ખાતર વ્યવસ્થાપન ૨૫૦-૧૨૫-૧૨૫ કી. ના. ફો. પો. પ્રતિ હે. ખાતરનો ઉપયોગ કરો. મૂળભૂત માત્રા (વાવેતર સમયે) : ડી.એ.પી. : ૨૭૧ કી./હે. અથવા એસ એસ પી : ૭૮૨ કી./હે., મ્યુરેટ ઓફ પોટાશ : ૨૦૮ કી./હે. અને યુરિયા : જ્યારે એસ એસ પી નો ઉપયોગ કરતાં હોય ત્યારે ૮૧ કી./હે પાયાના ખાતર તરીકે આપો.<br>• પૂરતી ખાતરની ભલામણ મુજબ નાઇટ્રોજન ખાતર આપવું. –<br>પ્રથમ ડોઝ – યુરીયા : ૧૬૩ કી/હે. મુજબ વાવણીના ૧.૫ થી ૨.૦ માસે,<br>બીજો ડોઝ – યુરીયા ૧૦૯ કી/હે.મુજબ વાવણીના ૩ થી ૩.૫ માસ,<br>ત્રીજો ડોઝ – યુરીયા : ૧૯૦ કી/હે. મુજબ વાવણીના પછી ૫.૫ માસ.<br>• રોપણી માટે કુમળૂ અને તંદુરસ્ત તમારી પસંદગીની જાતનું બિયારણ વાપરવું. રોપણી માટે બે લાઇન વચ્ચે ૯૦ થી ૧૨૦ સેમી. અંતર રાખી બે આંખના કટકાને બીજમાવજત આપી (કાર્બેન્ડાઝિમ ૫૦ ડબલ્યુ પી ૧ ગ્રા./૧ લીટર પાણી) ઍક પછી ઍક કટકા ચાસમાં રહે તે રીતે રોપણી કરવી. એક આંખના રોપનું વાવેતર કરવાનું હોય તો લાઇનમાં બે રોપા વચ્ચે ૪૫ થી ૬૦ સેમી. અંતર રાખી રોપણી કરવી.<br>• રોપણી બાદ પિયત આપી ૩ દિવસમાં એટ્રાઝીન ૫૦ ડબલ્યુ પી પ્રી ઇમરજન્સ ૮૦ ગ્રામ./૧૦ લી. પાણી નીંદણનાશક નો છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો.<br>• રોપણી સમયે શેરડીમાં ટ્રાઈકોડર્મા વિરાઇડનો ઉપયોગ કરવો.<br>• જમીન/વાતાવરણ અને પાકની અવસ્થા મુજબ જરૂરી પિયત આપવું. ઉનાળામાં - ૧૫-૧૭ દિવસના ગાળે પિયત આપવું અથવા ટપક પિયત અપનાવી અને બે હર વચ્ચે સૂકી પતારીનું આવરણ (મલચિંગ) કરી પિયત પાણીની બચત કરવી.<br>• પાકને વાવણીના ચાર માસ સુધી નીંદણ મુક્ત રાખવું, આ માટે સમયાંતરે આંતરખેડ અને હાથથી નીંદણ કરવું અથવા નીંદણનાશક દવા ૨,૪-D – Na સોલ્ટ (૧.૨ કિગ્રા. સક્રિયતત્વ/હે.) + પેરાક્વોટ (૦.૬૦૦ કિગ્રા. સક્રિયતત્વ/હે.) અને ૨,૪-D – Na સોલ્ટ ૩૦ ગ્રામ + પેરાક્વોટ ( ૫૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર) ૩૦-૬૦ દિવસ વચ્ચે છંટકાવ કરવો.<br>• વાવણીના ૩-૩.૫ માસે અને ૫.૫-૬ માસે પાળા ચડાવવા. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari

| | |
|---|---|
| **શીયાળુ કઠોળ** | **વાનસ્પતિક વિકાસ અવસ્થા:**<br>• પાક નીંદણ મુક્ત રાખવું. આ માટે જરૂરી જણાય તો વાવણી બાદ તૂરંત ભલામણ મુજબની નિંદણનાશક દવાનો જમીન ઉપર છંટકાવ કરવો.<br>• જરૂરિયાત મુજબ પીયત આપવું.<br>• એમોમેડિટન બેન્ઝોએટ ૧.૯ ઈસી ૭.૫ મિલી./૧૦ લિટર પાણી મુજબ ચણાની પોપટા કોરનારી ઈયળના નિયંત્રણ માટે છંટકાવ કરવો.<br>• તુવેરમાં શીંગ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે ક્લોરએન્ટ્રાનીલીપ્ર ૧૮.૫ એસસી ૩ મિલી. અથવા ફ્લુબેન્ડીઆમાઈડ ૨૦ ડબલ્યુ જી ૫ ગ્રામ અથવા ઈન્ડોક્ષાકાર્બ ૧૪.૫ એસસી ૮ મિલી. અથવા લ્યુફેન્યુરોન ૫.૪ ઈસી ૧૨ મિલી. ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |
| **ભીંડા** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ.<br>• જરૂરિયાત મુજબ સિંચાઈ આપવી જોઈએ.<br>• ભીંડામાં ભૂકીછારા અને પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ ઈસી ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• ખેતરમાંથી પીળી નસના વિષાણુ જનય છોડ ને ઉપાડી નાશ કરો.<br>• હેકટરે ૪૦ ભીંડામાં ફળ અને ડુખ ની ઈયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• રોગનો ફેલાવો સફેદ માખીથી થાતો હોય, શોષક પ્રકારની જંતુ નાશક દવાનો છંટકાવ કરવો.<br>• ભીંડામાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો. |
| **રીંગણ** | • જરૂરિયાત મુજબ સિંચાઈ આપવી જોઈએ.<br>• ફેરરોપણીના ૨૦ દિવસ બાદ હેકટરે ૪૦ રીંગણની ફળ અને ડુખ ની ઈયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• રીંગણમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો. |
| **ટામેટા** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ.<br>• ફેરરોપણીના ૨૦ દિવસ બાદ હેકટરે ૪૦ લસકરી ઈયળ તથા ટમેટાની ફળ કોરી ખાનાર ઈયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• ટામેટાંમા પાનના ટપકાના નિયંત્રણ માટે મેંકોજેબ ૭૫ ડબલ્યુપી ૨૮ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **મરચી** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ.<br>• મરચીમાં થ્રિપ્સના નિયંત્રણ માટે એસીટામીપ્રિડ ૨૦ એસ પી ૨ ગ્રામ અથવા બ્રોફ્લાનીલીડ ૨૦ એસ સી ૨.૫ મિલી અથવા સાયએન્ટ્રાની લિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૨ મિલી અથવા ઈથિઓન ૫૦ થી ૩૦ મિલી અથવા ફીપ્રોનીલ ૫ અસ સી **આઈસોસાઈક્લોસીરમ** ૯.૨ ઓડી ૧૫ મિલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો હવામાન ચોખ્ખુ હોય ત્યારે.<br>• મરચીમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• મરચીમાં ફળનો સડોના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **પરવળ** | • ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.<br>• જાન્યુઆરીમાં જરૂરિયાત મુજબ ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું. |
| **ટિંડોળા** | • ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.<br>• જાન્યુઆરીમાં જરૂરિયાત મુજબ ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું. |
| **સુરણ** | • સૂરણની પરિપક્વતા પ્રમાણે લણણી શરૂ કરવી. |
| **રતાળુ** | • રતાળુનીપરિપક્વતા પ્રમાણે લણણી શરૂ કરવી. |
| **તાનિયા** | • "પાતરા" નામની વાનગી બનાવવા માટે કુમળાપાનની વીણી શરુ કરી દેવી જોઈએ.<br>• જરૂરિયાત મુજબ સિંચાઈ આપવી જોઈએ. |
| **આંબા** | • આંબાનાં નાના રોપાની જાળવણી માટે ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે.<br>• છટણી બાદ કપાયેલ ડાળી પર બોર્ડેક્સ પેસ્ટ ૧૦ ટકા લગાડવુ.<br>• આંબા નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ.<br>• નવી કલમો માટે તૈયાર કરેલ ખાડામાં ૧૦ કિગ્રા. છાણિયું ખાતર, ૧ કિગ્રા. સિંગલ સુપર સલ્ફેટ અને ૧ કિગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ ખાતર આપવું. ઉધઈ અને કીડીનો ઉપદ્રવ કલમોમાં જોવા મળે તો ૫૦ મિલી./૧૦ લી. પાણીમાં ક્લોરપાયરીફોસ ની માવજત ખાડા પૂરતી વખતે કરી દેવી.<br>• આંબામાં મધિયાના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રિડ ૧૭.૮% ૩ મિલી અથવા થાયોમેથોક્ઝામ ૨૫% ૪ ગ્રા. અથવા લેમડા સાયહેલોથ્રીન ૫ ઈસી૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં સંપૂર્ણ ઝાડ ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• થ્રિપ્સની હાજરી હોય ત્યારે તેના નિયંત્રણ માટે *ટોલ્ફેનપાયરાડ* ૧૫ ઈસી ૨૦ મીલી/૧૦ લિટર પાણી મુજબ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY


| | |
|---|---|
| | ઝાડ ઉપર છંટકાવ કરવો.<br>• આંબામાં વહેલો મોર લાવવા માટે પોટેશિયમ નાઈટ્રેટ ૧% (૧ કિગ્રા./૧૦૦ લિટર પાણીમાં ) ૧૫ દિવસના આંતરે છંટકાવ કરવો.<br>• ભૂકીછારા ના નિયંત્રણ માટે *હેક્ષકોનોઝોલ* ૫ ઈસી ૧૦ મિલી અથવા વેટેબલ સલ્ફર ૪૦ ગ્રા. પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિક્સ કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• આંબામાં મોર વહેલા લાવવા માટે વાડીમાં લીમડા સહિતની વિવિધ વનસ્પતિઓનું ધુમાડિયું હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવું. |
| **ચીકુ** | • બીજા ખાતરનો હુપ્તો ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા અથવા યુરિયા ૦.૬ કિગ્રા, સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા, મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા, છાણિયુ ખાતર ૨૫ કિગ્રા આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું. |
| **પશુપાલન** | • પશુઓને દૂધ ઉત્પાદન અને નિભાવની જરૂરિયાત ધ્યાનમાં લઈ પૂરતા પ્રમાણમા સમતોલ આહાર આપવો. તેમજ પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા, દિવસ દરમ્યાન સમયાંતરે મળ-મૂતર નો નિકાલ કરવો.<br>• પશુઓને યોગ્ય આહારમા જરૂરીયાત પ્રમાણે ખનિજયુકત મિશ્રણના સમાવેશ કરવો જોઈએ.<br>• ચાફ કટરથી લીલા તથા સૂકા ઘાસચારાને ટુકડા કરીને જ નીરણ કરવું.<br>• દુધાણા પશુઓના આઉને દૂધ દોહન પહેલા અને પછી ઝીંક ઓકસાઈડ અથવા બોરીક પાઉડર અથવા પોટેશીયમ પરમેગેનેટ ના દ્રાવણથી બરાબર સાફ કરવા.<br>• પશુઓનાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો).<br>• પશુઓ જયારે ઈચ્છે ત્યારે પાણી પી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ અથવા ઓછામાં ઓછુ દિવસમાં ચારથી પાંચ વખત જરૂરીયાત મુજબ પાણી પીવડાવવું જોઈએ.<br>• કોઢ/ગમાણની ઉચાઇ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઇ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે.<br>• વિયામણ બાદ ગાય/ભેસના બચ્છાને અડધાથી એક ક્લાકમાં ખીરુ/ચીક પીવડાવની વ્યવસ્થતા કરવી જોઈએ.<br>• શિયાળાના ઠંડા વાતાવરણમાં પશુઓને આરામ/સુવા માટે ઘાસચારા અને પથારીની વ્યવસ્થા કરવી.<br>• ખુબ ઠંડા પવન અથવા રાત્રી દરમ્યાન પશુને ગમાણમાં રાખવા. |
| **વનીકરણ** | • પ્રથમ અને બીજા વર્ષના વાવેતરમાં નિંદામણ, રોપા પર ચઢેલા વેલાની કાપણી તેમજ રોપાની આસપાસના ભાગમાં સફાઈ કરવી. |
| **ફીશરીઝ** | • મીઠા પાણીના મત્સય મીઠા પાણીના જીંગા ઉત્પાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે, આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે.<br>• તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા. |

❖ **એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :**

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. જે. જે. પસ્તાગીયા, પ્રાધ્યાપક અને વડા (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર) :
- ડૉ. સી. જી. ઈટવાલા, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી વિજ્ઞાન)
- ડૉ. વાય. એન. ટંડેલ, સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. વી. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (પશુપાલન)
- ડૉ. એમ. બી. ટંડેલ, મદદનીશ પ્રાધ્યાપક અને વડા (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)
- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. પી. કે. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)

NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 52
(23.12.2024 to 29.12.2024) over Agricultural region

Gujarat




Agriculture vigour is moderate at few places of the state.

Source: https://www.star.nesdis.noaa.gov

NAVSARI AGRICULTURAL UNIVERSITY
Navsari

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Department of Agricultural Engineering
N. M. College of Agriculture
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com

India Meteorological Department

**(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)**

## DATE OF ISSUE: 11/01/2025

## Agromet Advisory Bulletin No: 82/2024 - 2025

## -- Navsari District --

**Weather summary of preceding week (07 January to 10 January - 2025)**

| Sr. No. | Name of Weather Parameters | Value |
|---|---|---|
| 1. | Range of Rainfall (mm) | 0.0 |
| 2. | Range of Maximum Temperature (°C) | 28.4-31.5 |
| 3. | Range of Minimum Temperature (°C) | 12.5-15.5 |
| 4. | Range of Relative Humidity (%) | 35-79 |
| 5. | Range of Wind Speed (km/hrs) | 2.6-8.3 |
| 6. | Range of Cloud Cover (Okta) | 0-0 |
| 7. | Range of bright sunshine hours (hrs) | 7.1-8.1 |
| 8. | Last five days cumulative rainfall (mm) | 0.0 |
| | **Total Rainfall (mm)** | **0.0** |

**IMD based Weather forecast for (11 January to 15 January – 2025)**

| Sr. No. | Weathers Parameters | Day – 1 (11/01) | Day - 2 (12/01) | Day - 3 (13/01) | Day - 4 (14/01) | Day - 5 (15/01) |
|---|---|---|---|---|---|---|
| 1. | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2. | Maximum temperature (°C) | 32 | 31 | 32 | 33 | 32 |
| 3. | Minimum Temperature (°C) | 16 | 14 | 15 | 17 | 17 |
| 4. | Max. Relative Humidity (%) | 85 | 85 | 85 | 90 | 90 |
| 5. | Min. Relative Humidity (%) | 60 | 65 | 60 | 60 | 65 |
| 6. | Wind Speed (km/hr.) | 8 | 5 | 6 | 10 | 9 |
| 7. | Wind Direction (Compass point) | 85 | 65 | 28 | 17 | 28 |
| 8. | Total Cloud Cover (Okta) | 0 | 2 | 0 | 0 | 2 |

**According to the extended range forecast, rainfall is expected to be above normal and maximum temperatures are expected to be normal and minimum temperatures are expected to be above normal till January 21, 2025.**

| Weather Summary/ Alert | |
|---|---|
| | • As per the forecast issued by India Meteorological Department over the next five days, the sky will be clear and there are chances of no rainfall.<br>• The Maximum temperature is 31 °C to 33 °C, when the Minimum temperature is 14 °C to 17 °C likely to be around.<br>• The humidity in the air is likely to be between 60 and 90 percent.<br>• The wind direction will be North-East with an average speed of 5 to 10 km/h. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY NAU-Navsari

# -:: South Gujarat Heavy Rainfall Zone ::-

| | |
|---|---|
| **General Advisory** | • Farmers are advised to monitor the standing crop regularly for pest disease incidence and use the suitable recommended control measures.<br>• Provide shade to newly planted/young plants of mango and apply mulch around the stem.<br>• Farmers are advised to do the spraying chemical and fertilizer application activity as per the weather condition<br>• Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application:<br>Android users:<br>**https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot**<br>IOS users: **https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**<br>• Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application.<br>Android users:<br>**https://play.google.com/store/apps/details?id=com.lightening.live.damini**<br>IOS users: **https://apps.apple.com/app/id1502385645** |
| **Crop** | **Weather based Agro-Advisory** |
| **Sugarcane** | • In seed plot add Nitrogen (50 kg/ha.) Before one month of seed cutting.<br>**Land preparation for new planting/Germination/ Vegetative Stage**<br>• New plantation of sugarcane crop should be done after proper preparation of land at proper moisture condition. Deep plough and level the soil.<br>• Planting should be done from October to February.<br>• Apply FYM/ Compost at the time of ploughing. Select healthy, diseases-insect free and immature seed materials of your selected variety.<br>• Apply fertilizer application for plant Crop 250-125-125 kg NPK/ha. Basal dose (At time of planting) : DAP : 271 kg/ha or SSP : 782 kg/ha, MOP : 208 kg/ha. and Urea : When use SSP as basal dose than 81 kg/ha.<br>• Apply split dose of Nitrogen fertilizer as per recommendation- $1^{st}$ Split (At 1.5 to 2 months after planting) Urea : 163 kg/ha, $2^{nd}$ split dose Urea 109 kg/ha at 3-3.5 month after planting, $3^{rd}$ dose urea 190 kg/ha at 5 - 5.5 months after planting (before final earthing up).<br>• Planting should be done at the spacing of 90 to 120 cm. 2 budded setts should be used with end to end method of planting after setts treatment with fungicide (*Carbendazim 50 wp* @ 1g/1 lit. water). If settling use intra row spacing should be 45 to 60 cm.<br>• Within 3 days after planting and irrigation, spraying of *Atrazine* 50 WP 80 g/10 li. water. Pre-emergence weedicide should be applied to control weeds in clear weather conditions.<br>• Application of *Trichoderma viride* in rich sugarcane pressmed @ 8 ton/ha at time of planting.<br>• As per soil/climatic condition and stage of crop irrigation apply- summer at 15-17 day interval or adopt drip method of irrigation and mulching of trash in between two rows of crop to save irrigation water.<br>• Keep crop weed free upto 4 months of planting by interculturing, hand weeding or apply post emergence weedicide like 2,4-D Na Salt (1.2 kg ai/ha)+ *Paraquat* (0.600 kg ai/ha) or 2,4-D (Na Salt, 30 g/10 lit. water )+ *Paraquat* (50 g/10 lit.) after 30-60 DAP.<br>• Earthing up should be done at 3-3.5 and 5.5-6 months after planting. |
| ***Rabi* Pulse** | **Vegetative growth stage :**<br>• Weeding should be done as per need or apply recommended weedicide. |


| | |
|---|---|
| **crop** | • Apply irrigation as per soil and climatic condition.<br>• For management of pod borer in chickpea, apply *Emamectin benzoate* 1.9 EC @ 7.5 ml./10 lit. water.<br>• Spray *Chlorantraniliprole* 18.5 SC @ 3.0 ml or *Flubendiamide* 20 WG @ 5 g or *Indoxocarb* 14.5 SC @ 8 ml. or *Lufenuran* 5.4 EC @ 12 ml. per 10 lit. of water for management of Pigeonpea pod borer. |
| **Okra** | • Weeding and intercultural operations should be carried out.<br>• Irrigation should be given as per requirement.<br>• Spraying of Hexaconozole 5 EC @ 10 ml or Carbendazim 50 WP 5 g per 10 Lit of water for control of powdery mildew/leaf spot disease under clear weather condition.<br>• 40 pheromone trap of okra fruit and shoot borer should be kept per hectare.<br>• Up root and burn yellow vein mosaic infected okra plant from field.<br>• Spraying systemic insecticides for whitefly (vector) management.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml/10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition. |
| **Brinjal** | • Irrigation should be given as per requirement.<br>• 40 pheromone trap of brinjal fruit and shoot borer should be kept per hectare after 20 days of transplanting.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml./10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition. |
| **Tomato** | • Weeding and intercultural operations should be carried out.<br>• 40 pheromone traps of *Spodoptera* and *Helicoverp*a should be kept per hectare after 20 days of transplanting.<br>• For management of leaf spot disease, spray *Mancozeb* 75 WP @ 28 g/10 lit. of water under clear weather condition. |
| **Chilli** | • Weeding and intercultural operations should be carried out.<br>• For management of thrips spray crop with *Acetamiprid* 20 SP @ 2g or *Broflanilide* 20 SC @ 2.5 ml or *Cyantraniliprole* 10.26 OD @ 12 ml or *Ethion* 50 EC @ 30ml or *Isocycloseram* 9.2 DC @ 12 ml or *Fipronil* 5 SC @ 15 ml per 10 liter of water under clear weather condition.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml./10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition.<br>• Spraying of Carbendazim 50 WP 10 g/10 Lit of water for control of fruit rot disease under clear weather condition. |
| **Pointed gourd** | • Harvesting should be carried out as per maturity.<br>• Irrigation should be applied as per requirement in 15 to 20 days interval in January. |
| **Little gourd** | • Harvesting should be carried out as per maturity.<br>• Irrigation should be applied as per requirement in 15 to 20 days interval in January. |
| **Elephant foot yam** | • Harvesting should be carried out as per maturity. |
| **Greater yam** | • Harvesting should be carried out as per maturity. |
| **Tannia** | • Harvest the tender leaves of Tannia for making "paatra".<br>• Irrigation should be given as per requirement. |
| **Mango** | **General Advise :**<br>• Provide support to the young plants of mango to protect against rain and high wind speed.<br>• Application of 10 % Bordeaux paste in cut after pruning branches of fruit tree.<br>• Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation.<br>• Prepare pit for plantation of new grafts by filling 10 kg FYM, 1 kg SSP and 1 kg MOP. Give 50 ml/10 lit. water Chlorpyriphos to manage termite and ants.<br>• Spray *Imidacloprid* 17.8 % 3 ml. or *Thiamethoxam* 25 % 4 g or *Lambda-Cyhalothrin* 5 EC @ 10 ml. per 10 lit. water on mango tree for control of mango hopper and mango shoot borer during clear weather condition.<br>• Spraying of *Tolfenpyrad* 15 EC @ 20 ml./10 lit. water for thrips management, if observed.<br>• Spray $KNO_3$ 1% (1 kg/100 Lit. water) in evening cool hours to get early flowering at 15 days interval. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
NAU_Navsari

| | |
|---|---|
| | • Spraying of *Hexaconazole* 5 EC @ 10 ml. or Wettable sulphur @ 40 g. per 10 lit. for control of powdery mildew in clear weather condition.<br>• Do smudging with some neem based and other botanicals to get early flowering in mango during clear weather condition. |
| **Sapota** | **General Advise :**<br>• Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition. |
| **Livestock** | • Provide adequate quantity of balanced ration by considering the milk production and maintenance.<br>• Good quality dry roughage with 15-20 kg green fodder provided to the animals, only after chaffing.<br>• Feed silage & hay materials if available.<br>• Before and after milking udder must be properly clean with zinc oxide or boric powder or potassium permanganate solutions.<br>• For the control of tick and other parasites, spray *Deltemethrin* or *Aemitaz* 2 ml in 1 liter of water.<br>• Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity.<br>• After calving, the young cattle/Buffalo should get colostrums with in half to one hour.<br>• Provide bedding material in cold climatic condition. |
| **Forestry** | • Weeding climber cutting and cleaning should be carried out in first and second year plantations. |
| **Fisheries** | • Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable.<br>• Increase water depth and maintain water level through pond outlet.<br>• Mixing the top and bottom water by using the aerators or pumps. |

## ❖ Members of Agro-Advisory Committee :

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. J. J. Pastagia, Professor & Head (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology):
- Dr. C. G. Intwala, Research Scientist (Vegetable Science)
- Dr. Y. N. Tandel, Associate Professor (Fruit Science)
- Dr. V. R. Patel, Assistant Professor (Animal Husbandry)
- Dr. M. B. Tandel, Assistant Professor (Forestry) & I/C Head (SAF) (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. P. K. Parmar, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS))



# હવામાન આગાહી

| વિગત | તારીખ | ડાંગ | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| વરસાદની શ્રેણી (મી.મી.) | ૧૧/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૧૧/૦૧/૨૦૨૫ | ૩૨ | ૩૨ | ૩૨ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૩૨ | ૩૧ | ૩૧ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૩૩ | ૩૨ | ૩૨ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૩૩ | ૩૩ | ૩૩ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૩૩ | ૩૨ | ૩૨ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૧૧/૦૧/૨૦૨૫ | ૧૩ | ૧૬ | ૧૬ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૧૪ | ૧૪ | ૧૪ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૧૬ | ૧૫ | ૧૫ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૧૬ | ૧૭ | ૧૭ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૧૬ | ૧૭ | ૧૭ |
| મહત્તમ ભેજ (%) | ૧૧/૦૧/૨૦૨૫ | ૮૫ | ૮૫ | ૮૫ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૮૫ | ૮૫ | ૮૫ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૯૦ | ૮૫ | ૮૫ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૯૦ | ૯૦ | ૯૦ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૮૫ | ૯૦ | ૯૦ |
| લઘુત્તમ ભેજ (%) | ૧૧/૦૧/૨૦૨૫ | ૪૫ | ૬૦ | ૬૦ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૪૫ | ૬૫ | ૬૫ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૫૦ | ૬૦ | ૬૦ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૫૦ | ૬૦ | ૬૦ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૫૦ | ૬૫ | ૬૫ |
| પવનની ગતિ(કિ.મી./કલાક) | ૧૧/૦૧/૨૦૨૫ | ૯ | ૮ | ૮ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૮ | ૫ | ૭ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૪ | ૬ | ૭ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૨ | ૧૦ | ૯ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૬ | ૯ | ૯ |
| પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૧૧/૦૧/૨૦૨૫ | SE | E | E |
| | ૧૨/૦૧/૨૦૨૫ | SE | NE | E |
| | ૧૩/૦૧/૨૦૨૫ | SE | NE | NE |
| | ૧૪/૦૧/૨૦૨૫ | E | NE | NE |
| | ૧૫/૦૧/૨૦૨૫ | E | NE | NE |
| વાદળની સ્થિતિ (ઓક્ટા) | ૧૧/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૨/૦૧/૨૦૨૫ | ૨ | ૨ | ૨ |
| | ૧૩/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૪/૦૧/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૧૫/૦૧/૨૦૨૫ | ૨ | ૨ | ૨ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari